| | | | | | |
|---|---|---|---|---|---|
| | सत्य मेव जयते | પ્રાપ્તિ તારીખ | ૧૧/૦૧/૨૦૧૯ | | |
| | | દાખલ તારીખ | ૧૧/૦૧/૨૦૧૯ | | |
| | | ફૈંસલ તારીખ | ૧૩/૧૧/૨૦૨૫ | | |
| | | સમયગાળો | દિવસ | માસ | વર્ષ |
| | | | ૨૭ | ૦૮ | ૦૬ |

ફોજદારી કેસ નં. ૨૯૯/૨૦૧૯

ફોજદારી કેસ નં. ૧૨૩૧/૨૦૧૯

આંક

**ફોર્મ–એ**

| | |
|---|---|
| ત્રીજા એડીશનલ સીવીલ જજ અને જે.એમ.એફ.સી.(એફ.એન.સોલંકી)સાહેબશ્રીની કોર્ટમાં ગાંધીનગર.<br>ફોજદારી કેસ નંબર–૨૯૯–૧૨૩૧/૨૦૧૯<br>હુકમ તારીખ–૧૩/૧૧/૨૦૨૫<br>(એફ.આઈ.આર /ગુના રજી.નંબર–૨૦૭/૨૦૧૮/અડાલજ પોલીસ સ્ટેશન ) | |
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષે વિધ્વાન વકીલશ્રી | એ.પી.પી.શ્રી ચિરાગભાઇ પી. દવે |
| આરોપીઓ | <u>સી.સી. નં.૨૯૯/૨૦૧૯ ના આરોપીઓ</u><br>૧) માંગીલાલ ચોથારામ ઝાંગુ (બિશ્નોઇ)<br>રહે. ગામ ડાવલ લાલાકી ઢાણી તા. સાચોર જી. ઝાલોર રાજસ્થાન (ડ્રાઇવર)<br>૨) કિષ્ણારામ હરચંદરામ લોમરોડ (બિશ્નોઇ)<br>રહે. ગામ કોટડા (કકરોલી) તા. રાનીવાડા જી.ઝાલોર રાજસ્થાન<br><u>સી.સી. નં.૧૨૩૧/૨૦૧૯ના આરોપી</u><br>૧)મૌલિકભાઇ ઉર્ફે પપ્પુ સન/ઓ જગદીશભાઇ કેશવલાલ પટેલ<br>રહે. મ.નં.૪૪ ચિતવન બંગલો સોબો સેન્ટરની બાજુમાં સાઉથ |

| | |
|---|---|
| | બોપલ તા.દસ્કોઇ જી.અમદાવાદ<br>મુળવતન– જેતલપુરગામ પટેલવાસ તા.દસ્કોઇ જી.અમદાવાદ |
| આરોપી તરફે વિઘ્વાન વકીલ શ્રી | આર.આર. પટેલ |

## ફોર્મ–બી

| | |
|---|---|
| ગુનાની તારીખ | તા.૧૭/૦૮/૨૦૧૮ |
| એફ.આઈ.આર ની તારીખ | તા.૨૯/૧૨/૨૦૧૮ |
| ચાર્જશીટની તારીખ | તા.૧૧/૦૧/૨૦૧૯ |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ | તા.૧૧/૧૧/૨૦૨૪ |
| પુરાવો શરૂ થયા તારીખ | તા.૨૦/૦૫/૨૦૨૪ |
| હુકમ પર લીધા તારીખ | તા.૧૫/૦૯/૨૦૨૫ |
| હુકમની તારીખ | તા.૧૩/૧૧/૨૦૨૫ |
| સજાના હુકમની તારીખ | ... |

<u>આરોપીની વિગતો</u>

| આરોપી નો ક્રમ | આરોપી નું નામ | ધરપકડ તારીખ | જામીન મુકત થયા તારીખ | આક્ષેપિત ગુનાની વિગત | નિર્દોષ કે તકસીરવાર | સજાની વિગત | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ના કામે જેલમાં રહયા અંગેની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| <br><br>૧)<br><br>૨) | <u>સી.સી.નં.૨૯૯/૧૯ના આરોપીઓ</u><br>માંગીલાલ ચોથારામ ઝાંગુ (બિશ્નોઇ)<br>કિષ્ણારામ હરચંદરામ લોમરોડ (બિશ્નોઇ) | તા.૧૭/ ૦૮/૨૦૧૮ | તા.૧૭/ ૦૮/ ૨૦૧૮ | પ્રોહી એકટ કલમ–૬૫ (એ)(ઇ),૧૧૬ (બી), ૮૧, ૯૮(૨) | નિર્દોષ | ––– | –– |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | <u>સી.સી. નં.૧૨૩૧ /૧૯ના આરોપી</u> મૌલિકભાઇ ઉર્ફે પપ્પુ સન/ઓ જગદીશભાઇ કેશવલાલ પટેલ | તા.૦૯/૦૧ /૨૦૧૯ | તા.૦૯/ ૦૧ /૨૦૧૯ | | | | |

| ફોર્મ–સી | | | |
|---|---|---|---|
| **ફરીયાદપક્ષના સાહેદો** | | | |
| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
| ૧ | ૨૧ | સાહેદ નરેન્દ્રકુમાર ગણપતલાલ નાયકની જુબાની | મૌખીક |
| ૨ | ૨૪ | સાહેદ જયેશભાઇ ગોવિંદભાઇ વાઘેલાની જુબાની | મૌખીક |
| ૩ | ૨૫ | સાહેદ આરતી ગજાનંદરાવ એનુરકારની જુબાની | મૌખીક |

| ફરીયાદ પક્ષના આંકે પાડેલા પુરાવાની વિગત | | |
|---|---|---|
| એ.ફરીયાદ પક્ષ | | |
| ક્રમ | આંક | પુરાવાનું વર્ણન |
| ૧ | ૧૪ | પંચનામુ |
| ૨ | ૨૬ | ફરીયાદ |

## // <u>ચુ કા દો</u> //

**૧.** આ કામે ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીનાઓએ તા. ૧૭/૦૮/૨૦૧૮ના કલાક ૧૩ઃ૩૦ વાગે મહેસાણા હાઇવે કલોલ તરફથી આવતા રોડ ઉપર શેરથા કટ ઉપર પોતાના કબજા ભોગવટાની મારૂતિ એસક્રોસ ગાડી નં. જી.જે.૦૧ આર.પી.૧૩૯૪ માં ગેરકાયદેસર અને વગરપાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી પરપ્રાતનો દારૂ કુલ બોટલ નંગ–૪૦૮ જેને કિં.રૂ.૨,૮૦,૪૫૦/– તથા મારૂતિ એસક્રોસ ગાડી નં. જી.જે.૦૧ આર.પી.૧

૩૯૪ ની કિંમત રૂ. ૫,૦૦,૦૦૦/– તથા બે મોબાઇલ ફોન કિં.રૂ. ૪૦૦૦/– નો મળી તમામ મુદામાલની કિં.રૂ. ૭,૮૪,૪૫૦/– નો રાખી પકડાઇ જઇ ગુનો કર્યા બાબતે તેઓની વીરુધ્ધ કાયદેસર થવા ફરીયાદીએ ફરીયાદ હકીકત આપતા અડાલજ પોલીસ સ્ટેશનમા પ્રોહી પાર્ટ સી ગુના રજીસ્ટર નંબર ૨૦૭/૨૦૧૮ થી ગુનો નોંધાયેલ અને તપાસ કરનાર અધીકારીએ તપાસ પુર્ણ થયા બાદ આરોપી વીરુધ્ધ ગુજરાત નશાબંધી ધારા ની કલમ ૬૫ (એ)(ઇ),૧૧૬ (બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુન્હાનુ ચાર્જશીટ અત્રેની કોર્ટ મા રજુ કરેલ. આ કામે આરોપીઓ સદર મુદામાલ ચાર્જશીટમાંના કોલમ નં.૨માં જણાવેલ ઇસમે આપેલ હોવાનું જણાવેલ હોય તે આરોપીને પકડી શકાયેલ ના હોય, પાછળના તબકકે પકડાઇ જતા તેમના વિરુધ્ધ પુરવણી ચાર્જશીટ કેસ નં. ૧૨૩૧/૧૯ થી કરવામાં આવેલ છે. જે બંને કેસોનો ચુકાદો એક સાથે અહીં જાહેર કરાયેલ છે.

૨. **<u>ક્રીમીનલ પ્રોસીઝર કોડની કલમ–૨૪૦ અન્વયે તહોમતનામા અંગે :–</u>**

આ કામે આરોપી વીરુધ્ધ ચાર્જશીટ દાખલ થતા, આ કામના આરોપીને સમન્સની ધોરણસર બજવણી થતાં તેઓ મુદતે કોર્ટમાં હાજર થયેલાં છે, અને તેઓને પોલીસ પેપર્સની નકલો ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૦૭ મુજબ વીના મુલ્યે પૂરી પાડવામાં આવેલ છે, તેઓની વિરૂધ્ધના ગુન્હા સબબ વિચારણા કરવા માટે પૂરતો સમય આપવામાં આવેલ છે ત્યારબાદ કેસ નં. ૨૯૯/૨૦૧૯ માં આંક–૦૮ અને ૦૯ થી તથા કેસ નં.૧૨૩૧/૨૦૧૯માં આંક–૦૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના ગુન્હાનો ઈન્કાર કરેલ હોય કેસ કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

૨.૧ **<u>પક્ષકારો તરફે રજુ પુરાવાઃ –</u>**

ફરીયાદ પક્ષે પોતાનો કેસ પુરવાર કરવા ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨૪૨ અન્વયે ઉપરોકત મુજબના દસ્તાવેજી તથા મૌખીક પુરાવા રજુ કરેલા છે.

૨.૨ **<u>ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૩ મુજબ આરોપીનુ વિશેષ નીવેદન</u>**

ફરીયાદપક્ષના પુરાવા બાદ વિધ્વાન એ.પી.પી.શ્રી દ્રારા તેઓ નો પુરાવો પુર્ણ કર્યા ની મૌખીક રજુઆત કરતા આ કામ આરોપી પક્ષે તેઓનુ વીશેષ નીવેદન ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ, ૩૧૩ મુજબ નોંધવા હેતુ રાખવામા આવેલ અને આરોપીનુ વિશેષ, નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા પોતાના પક્ષે કોઈ સાહેદ ચકાસવા ના હોય તથા પુરાવા રજુ કરવા ના હોવાનુ જાહેર કરેલ હોય,આ રીતે બચાવ પક્ષે તેઓના બચાવમા મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામા

આવેલ છે.

૩. **<u>ક્રીમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૩૧૪ મુજબ પક્ષકારો તરફે દલીલ</u>**

પ્રોસીકયુશન તરફે એ.પી.પી.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ પોતાના આર્થિક ફાયદા સારૂં ગેરકાયદેસર વગર પાસ પરમીટનો વિદેશી દારૂ રાખેલ હોઇ સમાજમાં ઉદાહરણ રૂપ દાખલો બેસે તેવી મહતમ સજા કરવા દલીલો કરેલ છે. આરોપી તરફે દલીલ કરાયેલ છે કે આ કામે આરોપી તદન નિર્દોષ છીએ. તેઓને પોલીસે તેઓને તે ખોટી રીતે ગુનામાં સંડોવી દીધેલ છે. તેઓએ ખોટો કેસ કરેલ છે. તેઓના સ્થળે હાજર ન હતા. તેઓની પાસેથી કોઇ મુદામાલ મળેલ નથી. પોલીસે તેઓને ખોટી રીતે સંડોવી દીધેલ છે.

૪. **<u>ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીર્ણય અંગેના મુદદા</u>**ઃ–

આ કામે પક્ષકારો તરફે ઉપરોકત રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા સરકાર પક્ષે વિધ્વાન એ.પી.પી. શ્રીની રજૂઆત સમક્ષમાં લેતા, આ કેસના આખરી નિર્ણય માટે ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૫૪(૧)(બી) મુજબ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

**<u>:: મુદ્દા ::</u>**

૧. શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીનાઓએ તા. ૧૭/૦૮/૨૦૧૮ના કલાક ૧૩ઃ૩૦ વાગે મહેસાણા હાઇવે કલોલ તરફથી આવતા રોડ ઉપર શેરથા કટ ઉપર પોતાના કબજા ભોગવટાની મારૂતિ એસક્રોસ ગાડી નં. જી.જે.૦૧ આર.પી.૧૩૯૪ માં ગેરકાયદેસર અને વગરપાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી પરપ્રાતનો દારૂ કુલ બોટલ નંગ–૪૦૮ જેને કિં.રૂ.૨,૮૦,૪૫૦/– તથા મારૂતિ એસક્રોસ ગાડી નં. જી.જે.૦૧ આર.પી.૧ ૩૯૪ ની કિંમત રૂ. ૫,૦૦,૦૦૦/– તથા બે મોબાઇલ ફોન કિં.રૂ. ૪૦૦૦/– નો મળી તમામ મુદામાલની કિં.રૂ. ૭,૮૪,૪૫૦/– ની સાથે પકડાઇ જઇ તથા આરોપી નામે મૌલીક દવારા સદર દારૂ હરીયાણાથી મંગાવેલ જે આપવા માટે ઉપરોકત આરોપી નં.૧,૨ આવતા હોય આ તમામે એકબીજાની મદદગારી કરી ગુનો કરી પકડાઇ જઇ ગુજરાત નશાબંધી ધારા ની કલમ –૬૫ (એ)(ઇ),૧૧૬ (બી), ૮૧, ૯૮(૨) મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શુ હુકમ ?

૪.૧ ઉપરોકત મુદાઓ અંગેના ન્યાયિક નિર્ણયો માટેના કારણો નીચે મુજબના છે.

મુદ્દા નંબર–૧ઃ– નકારાત્મક.

મુદ્દા નંબર– ૨ઃ–આખરી હુકમ મુજબ.

૫. ઉપરોકત નિર્ણયો અંગેના કારણો નીચે મુજબ છે.

**<u>:: નિર્ણયો અંગેના કારણો ::</u>**

**<u>મુદ્દા નંબર– ૧ :–</u>**

૬. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૨૧ થી એ.એસ.આઇ. નરેન્દ્રકુમાર ગણપતલાલ નાયકનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, વર્ષ ૨૦૧૮ મા તેઓ અડાલજ પો.સ્ટે.માં એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે પ્ર ોહી ગુ. રજી. નં. ૨૦૭/૧૮ ની વધુ તપાસ તેઓને સોપવામાં આવેલી. સદર તપાસમાં તેઓએ કેસની ફરીયાદ, પંચનામુ સાહેદોના નિવેદનો તથા અન્ય દસ્તાવેજો સોપવામાં આવેલા જેનો તેઓએ વિગતવાર અભ્યાસ કરેલો સદર કેસની હકીકત મુજબ આ કામના આરોપી નં. ૧) માંગીલાલ ચોથારામ જાગુ તથા આરોપી નં.૨ કિષ્નારામ હરચંદરામ લોમરોડ બંનેનાઓએ તા. ૧ ૭/૦૮/૧૮ ના કલાક ૧૩ઃ૩૦ વાગ્યે મહેસાણા હાઇવે કલોલ તરફથી આવતા રોડ પર શેરથા કટ પર પોતાના કબજા ભોગવટાની મારૂતી એસ ક્રોસ ગાડી નં. જી.જે.૧ આર.પી.૧૩૯૪ માં ગેરકાયદેસર વગર પાસપરમીટે ભારતીય બનાવટના વિદેશી પરપ્રાંતનો દારૂ કુલ બોટલ નંગ ૪૦૮ જેની કિંમત રૂ.આશરે ૨,૮૦,૪૫૦/– તથા મારૂતી એસ ક્રોસ ગાડી તથા તેઓની પાસેથી મળી આવેલ બે મોબાઇલ ફોન મળી તમામ મુદામાલ ની કિ. રૂ. ૭,૮૪,૪૫૦/– લઇ આવતા પકડાઇ જતા એકબીજાની મદદગારી કરી ગુનો કરવા બાબતની હતી તેઓએ તપાસના કામે આ કામના આરોપીઓ વિરૂઘ્ધ પુરતી તપાસ કરી તથા અન્ય આરોપી વોન્ટેડ હતો જેનુ નામ મૌલિક ઉર્ફે પપ્પુ ઉર્ફે રમેશભાઇ પટેલનાઓને હાલના કામમા ચાર્જશીટ ના કોલમ નં.૨ મા દર્શાવી ચાર્જશીટ કરેલુ.આરોપીને જોયેથી ઓળખી શકે છે.

ત્યારબાદ, આરોપીઓના વિ.વ.શ્રી દવારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે તપાસ કરતા ચાર્જશીટના તમામ પેપર્સ વંચાણે લીધેલા છે અને તેઓને જે કાગળ મળ્યા તેમા કોઇ મેન્યુફેકચરના પત્રવ્યવહાર કરેલા નહી અને આરોપીને તેઓએ અરેસ્ટ કરેલા નહી અને માત્ર તેઓએ ચાર્જશીટ કરેલ હોય અટક કરેલ ના હોય તેઓને ઓળખી શકે નહી એ વાત અસ્વીકારેલ છે કે આરોપીઓ વિરૂધ્ધ કોઇપણ જાતનો પુરાવો ના હોવા છતા તેઓએ ખોટુ ચાર્જશીટ કરેલ છે.

૭. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૨૪ થી સાહેદ તરીકે જયેશભાઇ ગોવિદભાઇ વાઘેલાનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તેઓ સને ૨૦૧૭ માં અડાલજ પોલીસ સ્ટેશને પી.આઇ. તરીકે ફરજ પર હતો તા.૧ ૭/૦૮/૧૭ ના રોજ તેઓ તથા પોસઇ એ.જી. એનુલકાર, હે. કોન્સ્ટેબલ કેવલસિંહ, જયરાજસિંહ નાઓ પો.સ્ટે.ના વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન હે. કોન્સ્ટેબલ કેવલસિંહને બાતમી મળ ેલ કે, મહેસાણા હાઇવે થી કલોલ થઇ શેરથા તરફ સફેદ કલરની મારૂતિ એસક્રોસ જી.જે. ૦૧ આર.પી. ૨૩૯૪ વાળી ગાડીમાં પરપ્રાતિય ઇંગ્લીસ દારૂ ભરેલી ગાડી પસાર થવાની છે. આ હકીકતના આધારે તેઓએ રસ્તામાં જતા બે ઇસમોને પંચમા રહેવા સમજ કરી શેરથા ખાતે વૃન્દાવન હોટેલ પાસે વોચમાં ગોઠવાઇ ગયેલ. તે દરમ્યાન ઉપરોકત વર્ણનવાળી ગાડી આવતા તેને રોકવાનો પ્રયાસ કરેલો. તે સ્થળ પર સ્પીડ બ્રેકર હોઇ ગાડી ધીમે પડતા તેઓએ કોર્ડન કરી ગાડી પકડી પાડેલ પંચો રૂબરૂ ગાડી ચેક કરતા ડ્રાઇવર તરીકે મંગીલાલ ચોખારામ બિશ્નોઇ, રાજસ્થાનવાળો ડ્રાઇવર સીટની બાજુમા બેસેલ બીજા ઇસમનુ નામ પુછતા ક્રિ શ્નારામ બિશ્નોઇ, મુળ રહે. રાજસ્થાન તેમજ ગાડીની પાછળની સીટમા અને ડીકીમાં અલગ અલગ બ્રાન્ડનો પરપ્રાતિય ઇંગ્લીસ દારૂનો જથ્થો મળી આવેલો ઉપરોકત જથ્થા બાબતે પાસ પરમીટ માગતા તે ન હોઇ અને આ હાઇવે ઉપર અન્ય વાહનોની અવરજવર રહેતી હોઇ પંચો રૂબરૂ ઉપરોકત ગાડી અને બંને ઇસમોને અડાલજ પોલીસ સ્ટેશને લાવી પોલીસ સ્ટેશનના કમ્પાઉન્ડમા અલગ અલગ બ્રાન્ડનો દારૂનો જથ્થો ગણતરી કરતા કુલ નંગ –૪૦૮, કિંમત રૂ. ૨,૮૦,૪૫૦/– તેમજ એસ ક્રોસ ગાડી નં. જી.જે. ૦૧ આર.પી. ૧૩૯૪ ની કિમત રૂ. ૫,૦૦,૦૦૦/– તેમજ ઉપરોકત બંને ઇસમો પાસેથી મળી આવેલ કુલ બે મોબાઇલ ફોન કિ.રૂ. ૪ હજાર આમ કુલ મુદામાલ રૂ. ૭,૮૪,૪૫૦/– નો પંચો રૂબરૂ પંચનામુ કરી કબજે કરેલ. આ

બાબતે અડાલજ પોલીસ સ્ટેશને ઉપરોકત બંને ઇસમો તેમજ દારૂ મંગાવનાર અમદાવાદ ખાતે રહેતા મૌલીક ઉર્ફે પપ્પુ જગદીશભાઇ પટેલ વિરૂઘ્ધ ગુનો રજીસ્ટર્ડ કરી આગળની તપાસ પોસઇશ્રી એ.જી. એનુલકારને સોપેલ.

ત્યારબાદ, આરોપીઓના વિ.વ.શ્રી દવારા સાહેદની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, અડાલજ પોલીસ સ્ટેશનના વિસ્તારથી તેઓ જાણકાર છે. અને કહેવાત બનાવના સ્થળે ઘણા વાહનોની અવરજવર રહે છે અને ત્યા હોટેલો પણ આવેલ છે અને ફરીયાદ તથા પંચનામામા કહેવાતા મુદામાલનો બેઝ નંબર અને તારીખ લખેલ નથી. અને પંચોને તેઓ બોલાવેલ હતા અને ફરીયાદમા પંચોના નામ સરનામા લખેલા નથી અને ફરીયાદમા મુદામાલ સીલબંધ હતો કે કેમ તે લખેલ નથી એ વાત અસ્વીકારેલ છે કે હાલના આરોપીઓ પાસેથી મુદામાલ મળેલ નથી એ વાત સ્વીકારેલ છે કે, આ કામનો આરોપી નં.૩ બનાવ સ્થળે હાજર ન હતો એ વાત અસ્વીકારેલ છે કે, પંચો રૂબરૂ પંચનામુ કરવામાં આવેલ નથી એ વાત સ્વીકારેલ છે કે, તેઓ એકપણ આરોપીને એરેસ્ટ કરેલ નથી એ વાત અસ્વીકારેલ છે કે, ફરીયાદમા આરોપી નં.૩ નુ આખુ નામ લખેલ નથી અને પોલીસની કામગીરી બતાવવા હાલની ખોટી ફરીયાદ કરેલ છે.

૮. હાલના કામે ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતો પુરવાર કરવા સારું આંક–૨૫ થી ફરીયાદી આરતી ગજાનંદ રાવ એનુરકારનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે, જેમાં તેઓ જણાવે છે કે, તા.૧૭/૦૮/૧૮ ના રોજ તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમાં હતા તે વખતે હે.કો. કેવલસિંહ અનુપસિંહ નાઓને બાતમી હકીકત મળેલ કે એક સફેદ કલરની મારૂતી એસ્કોસ ગાડી નં.જી. જે ૧ આર ૧૩૯૪ મહેસાણા હાઇવે કલોલ તરફથી અડાલજ હાઇવે પરથી પસાર થનાર છે. જે બાતમી આધારે શેરથા ટોલટેક્ષ પાસે આવતા ગાડીને તેઓ તથા પંચોએ જોરથી ઇશારો કરી રોકાવવા પ્રયત્ન કરેલ પરંતુ સદર ગાડીને પોલીસ સ્ટાફ ને કોર્ડન કરી પંચો રૂબરૂ જોતા જેનો નબર ઉપર જણાવેલ હોય અને પંચો રૂબરૂ સદર ચાલકનુ નામ પુછતા તેને તેનુ નામ માગીલાલ ચુથારામ મુળ રહે રાજસ્થાન હોવાનુ જણાવેલ તેમજ તેની આજુની શીટમાં બેઠેલ ઇસમનુ નામ તેને તેનુ નામ પંચો રૂબરૂ કિષ્નારામ હરચન્દરામ જણાવેલુ પંચો રૂબરૂ આ ગાડીનુ આ ગાડીમા જોતા તેમા કુલ ૪૦૮ બોટલ ભારતીય બનાવટની વિદેશી દારૂ જુદી જુદી બ્રાન્ડનો મળી આવેલો. જે બાબતનુ તમામ વર્ણન તેઓએ ફરીયાદમાં જણાવેલ છે. પંચો રૂબરૂ આ

શીલબંધ બોટલો ૪૦૮ ની કિંમત કુલ રૂપિયા ૨,૮૦,૪૫૦/– ની મળી પંચો રૂબરૂ મુદામાલ કબજે કરેલ આ ગુનાના કામે વણરાયેલ ગાડી પણ કબજે લીધેલ તેમજ આરોપીઓ પાસેથી મોબાઇલ નંગ ૨ મળી આવેલા જે પણ પંચનામા રૂબરૂ કબજે કરેલા આમ આ રીતે રેડમાં ઉપરોકત આરોપીઓ મળી આવેલા તેની કાર્યવાહી કરવામાં આવેલી. તેમજ આરોપીઓની પુછપરછ કરતા આ જથ્થો મૌલિક રમેશભાઇ પટેલના નો હોય જેથી તેઓએ ઉપરોકત ત્રણ આરોપીઓ વિરૂધ્ધ પ્ર ોહી કલમ–૬૫(એ)(ઇ),૧૧૬(બી),૯૮(૨)૮૧ મુજબની ધોરણસરની ફરીયાદ આપેલી જેની ઝેરોક્ષ નકલ આજરોજ તેઓને બતાવમાં આવે છે. તેમા તેઓની સહી છે. આ કામની તપાસ તેઓને મળેલી જે બાબત જેમા તેઓએ માગીલાલ ચોથારામ તથા કિષ્નારામ હરચંદરામ બાબતે વધુ તપાસ અંગે નામ.કોર્ટ જે તે વખતે રીમાન્ડ અંગેની કાર્યવાહી કરેલી જેમા ઉપરોકત આરોપીઓ દવારા હાલના આરોપી મૌલિકભાઇ જગદીશભાઇ પટેલ બાબતે જણાવતા અને રેડ વખતે તેઓ પકડાયેલા ન હોય જેથી તેઓએ આ ઇસમને તેઓના અન્ય અધિકારીશ્રીએ અટક કરેલ. અને તે બાબતની તપાસ તેઓએ કરેલી જેમા લાગતા વળગતા પોલીસ ના નિવેદનો નોધેલા અને ત્યારબાદ આગળની તપાસ અન્ય અધિકારી ડેપ્યુટ કરેલ.

ત્યારબાદ, આરોપીઓના વિ.વ.શ્રી દવારા ફરીયાદીની ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ સ્વીકારેલ છે કે, બનાવ સ્થળે ઘણાબધા વાહનો અવરજવર હતી અને સદર ઇસમ મૌલિક બનાવ સ્થળે હાજર ન હતો. તેઓએ ફરીયાદમા એવુ જણાવેલ નથી કે આરોપીઓ એ ઇસમ મૌલીકનુ નામ જણાવેલ? આ સવાલના જવાબમાં જણાવેલ છે કે, પંચનામા દરમ્યાન પંચો રૂબરૂ આરોપીઓને સદર જથ્થો કોને આપવાનો છે તે પુછતા મૌલિક પટેલને આ જથ્થો આપવાનો છે તેથી તેઓનુ નામ ખોલવામાં આવેલ છે.

એ વાત સ્વીકારેલ છે કે, પંચનામુ તેઓએ કરેલ નહી એ વાત અસ્વીકારેલ છે કે, આવો કોઇ બનાવ બનેલ ન હોવા છતા આરોપી સામે ખોટી ફરીયાદ કરેલ છે એ વાત સ્વીકારેલ છે કે, હાલના આરોપી મૌલીક ના નામે બનાવની ગાડી ન હતી અને કબજે કરેલ મુદામાલ તેઓએ મેન્યુફેકચરીગના નિવેદન લીધેલ નહી એ વાત સ્વીકારેલ છે કે તેઓએ પોલીસ સાહેદ સિવાય કોઇ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલ નથી એ વાત અસ્વીકારેલ છે કે, તેઓએ ખોટા નિવેદન લઇ આરોપી સામે ખોટો કેસ કરેલ છે.

૯. આ કામે બંને કેસો એક જ ફરીયાદ પરથી દાખલ થયેલ મુખ્ય ચાર્જશીટ તથા પુરવણી ચાર્જશીટ

હોય બંને કેસોમાં રજુ થયેલ સાહેદોના પુરાવાઓનુ સંયુકત મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કામે તપાસ કરનાર અધીકારી તે પોલીસ સાહેદ હોવાથી તેઓએ પોતાની ફરજના ભાગરૂપે કાર્યવાહી કરી, ફરીયાદ આપી તેમજ, લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો પડતા અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી, કોર્ટ રૂબરૂ પોતાની સોગંદ ઉપર જુબાની રજુ કરેલ છે. ત્યારે તમામ સાહેદોના પુરાવાઓનુ સંયુકત મુલ્યાંકન કરવામાં આવે તો, સદર કહેવાતી બનાવવાળી જગ્યા હાઇવે રોડ હોય; માણસો ની વસ્તી વાળો તથા માણસોની સતત અવરજવર વાળો વિસ્તાર હોય સ્વતંત્ર તથા તટસ્થ સાહેદો સહેલાઇથી તેમજ સરળતાથી મળી રહે તેમ હોવા છતાં તેઓએ સદર ગુનાના કામે કોઇ સ્વતંત્ર તથા તટસ્થ સાહેદોના કોઇ નિવેદનો નોંધેલ નથી કે તેવા કોઇ સ્વતંત્ર તથા તટસ્થ સાહેદોને કોર્ટ રૂબરૂ સોગંદ ઉપર તપાસેલા નથી. આ કામે પંચ મરણ ગયેલ હોય તે રીતે તેમની જુબાની શકય બનેલ ના હોય, તેવા સંજોગો મા સ્વતંત્ર તથા તટસ્થ સાહેદોના પુરાવાના અભાવ હોય, તેનો લાભ આરોપીઓને આપવા પાત્ર જણાઇ આવે છે.

વધુમાં સદર કહેવાની ગુનાવાળી જગ્યાએથી કબજે લેવામાં આવેલ દારૂનો મુદામાલને એફ.એસ.એલ. ખાતે મોકલી તેનું પરીક્ષણ કરવામાં આવેલ નથી કે જે આધારે એ સાબિત થઇ શકે કે, ફરીયાદપક્ષે જે મુદામાલ દારૂ હોવાનું માનીને કબજે લેવામાં આવેલ છે તે ખરેખર દારૂ જ હતો તે બાબતે ફરીયાદપક્ષે કોઇ રીપોર્ટ કે આધાર પુરાવાઓ રજુ રાખેલ નથી કે તેવા કોઇ એક્ષપર્ટનો અભિપ્રાય પણ સદર ગુનાના કામે રજુ કરેલ નથી તેવા કોઇ એક્ષપર્ટને સદર ગુનાના કામે કોર્ટ રૂબરૂ તપાસેલા નથી કે જેથી એમ સાબિત થઇ શકે કે, ફરીયાદપક્ષે આરોપીઓ પાસેથી કબજે લીધેલ મુદામાલ તે દારૂ જ હતો. વધુમાં આ કામે ફરીયાદપક્ષ તરફે તપાસવામાં આવેલ તમામ સાહેદો દવારા બનાવ સમયે પકડાયેલ મુદામાલને ચકાસણી માટે વિજ્ઞાન પ્ર યોગશાળામાં મોકલેલ હોય તેવી અને તેવો રીપોર્ટ પરત મેળવેલ હોય તેવી કોઇ જ હકીકત જણાવેલ ના હોય ખરેખર આ મુદામાલ ની ચકાસણી થયેલ કે કેમ ? આ સાહેદોના પુરાવાથી ફલીત થતુ નથી. જેથી આદેશાત્મક જોગવાઇઓનું પાલન થયેલ ના હોય તેનો લાભ આરોપીઓને મળવાપાત્ર જણાય છે.

વધુમાં સદરકામે પોલીસ સાહેદોએ કે જે તપાસ કરનાર અધિકારી છે. તેઓએ સ્વીકારેલ છે કે, આ કામે દારૂની તપાસ કરવા તેઓએ મેન્યુફેકચર સાથે કોઇ પત્રવ્યવહાર કરેલ નથી. આમ તે રીતે

પણ આ કામે તપાસ અધુરી જણાય આવતી હોય, આરોપીઓને તકસીરવાન ઠેરવી શકાય નહી.

વધુમાં જોવામાં આવે તો, કાયદાનો એ સ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે કાનુની પુરાવાનું સ્થાન લઇ શકે નહી. વધુમાં ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાય શાસ્ત્રનાં સિધ્ધાંતો પ્રમાણે પ્રોસીકયુશને પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિઃશંકાપણે પુરવાર કરવાનો હોય છે તથા પ્રોસીકયુશન કેસમાં રહેલ વ્યાજબી શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો હોય છે. વધુમાં રેકર્ડ પરના પુરાવાઓ ઉપરથી એક બાજુ એમ જણાઇ આવતુ હોય કે આરોપી એ કહેવાતો ગુનો કરેલ છે તથા બીજી બાજુ એમ જણાઇ આવતુ હોય કે આરોપીએ કહેવાતો ગુનો કરેલ નથી અથવા તો કહેવાતો ગુનો આરોપીએ ન પણ કરેલ હોય ત્યારે તેવા સંજોગોમાં ફરીયાદીએ પોતાનો કેસ આરોપી વિરૂધ્ધ નિઃશંકપણે પુરવાર કરી શકેલ છે તેમ ગણી શકાય નહી. જેથી ફરીયાદપક્ષમાં રહેલ તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવા નો હોય છે. આમ, ઉપરોકત કરેલ ચર્ચા કારણોસર આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવું ન્યાયોચિત જણાતુ નથી. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે " કૈલાસ ગોર વિરૂધ્ધ સ્ટેટ ઓફ આસામ" એ.આઇ.આર. ૨૦૧૨, એસ.સી.પાન નંબર–૭૮૬ ના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંતો જોતાં તેના પેરા –૨૮માં એમ ઠરાવેલ છે કે,

"It is one of the fundamental principles of criminal jurisprudence that an accused is presumed to be innocent till he is proved to be guilty. It is equally well settled that suspicion howsoever strong can never take the place of proof. There is indeed a long distance between accused 'may have committed the offense' and 'must have committed the offense' which must be traversed by the prosecution by adducing reliable and cogent evidence. Presumption of innocence has been recognised as a human right which cannot be wished away. See Narendra Singh and Anr. v. State of M.P. (2004) 10 SCC 699: (AIR 2004 SC 3249)

and Ranjitsingh Brahmajeetsingh Sharma v. State of Maharashtra and Ors. (2005) 5 SCC 294: (AIR 2005 SC 2277). To the same effect is the decision of this Court in Ganesan v. Rama Raghuraman and Ors. (2011) 2 SCC 83: (AIR 2011 SC (Cri) 419) where this Court observed: "Every accused is presumed to be innocent unless his guilt is proved. The Presumption of innocence is human right. Subject to the statutory exceptions, the said principle forms the basis of criminal jurisprudence in India."

આમ, ફરીયાદપક્ષ દવારા પંચોની હાજરીમાં મુદામાલ દારૂ પકડેલ હોવાનુ જણાવેલ છે. આ કામે કહેવાતી રેઇડ દરમ્યાન પંચ સાહેદોના નામ સરનામા જાહેર થઇ ગયેલ છે. તેમ છતા ફરીયાદીએ તેઓની આંક–૨૬ વાળી ફરીયાદમાં પંચ સાહેદોના નામ સરનામા જણાવેલ નથી. ફરીયાદ પહેલા પંચનામુ થયેલ હોવા છતાં કોઇ પંચના નામ નાતો ફરીયાદ કે નિવેદનોમાં પણ જણાવવામાં આવેલ નથી. જેથી બનાવ સમયે પંચોની સ્થળ ઉપર હાજરી હોવા બાબતે શંકા ઉપસ્થીત થાય છે. અને શંકા કયારેય પુરાવાનુ સ્થાન લઈ શકે નહી. જેથી ફરીયાદપક્ષ તેઓની ફરીયાદીની હકીકત વ્યાજબી શંકા થી પર પુરવાર કરી શકેલ ન હોવાનુ ફલિત થાય છે. વધુમાં પકડાયેલ મુદામાલનું પરીક્ષણ કરાવી કોઇ રીપોર્ટ મેળવેલ નથી. વધુમા આ કામે તપાસ કરનાર અધીકારી એ પોતાની મૌખીક જુબાનીમા તક હોવા છતા આવો કોઈ મુદામાલ તપાસ હેતુ મોકલેલ છેકે કેમ તે જણાવેલ નથી. અને મોકલેલ છે તો કયા માધ્યમ થી અને કયારે મોકલેલ છે અને એનો રીપોર્ટ હાલ સુધી આવેલ છેકે કેમ ? કે આવો કોઈ રીપોર્ટ મેળવવા યાદી કે રીમાઈન્ડર કરાયેલ છે કે કેમ ? , તેવી કોઈ વીગત જણાવતા નથી. આમ મુદદામાલ અંગે તેઓ સુચક રીતે મોન રહેલ છે.જે તમામ હકીકતો ઘ્યાને લેતા પકડાયેલ મુદામાલ દારૂ હોવા બાબતે શંકા ઉદભવે છે. વધુમા પકડાયેલ મુદદામાલ જે તે વીસ્તાર માથી પકડયાનો આક્ષેપ હોવા છતા આ કામે ત્યાના કોઈ સ્થાનીકો ના આ બાબતે નીવેદન મેળવાયેલ નથી. આ કામે ફરીયાદપક્ષે સાહેદ તરીકે નં.૬ વચનારામ ખેતારામ ચૌધરી જોડેલ છે. પરંતુ સમગ્ર કેસ પેપર્સમાં તેમનું કોઇ નિવેદન ના હોય

તેઓને આ કામે ચકાસી શકાયેલ નથી.

સાહેદ નં.૭ નિશીતકુમાર કૃષ્ણાલાલ શાહનાઓના સમન્સ વગર બજે પરત આવ્યા બાદથી ફરીયાદપક્ષ તેમનુ નવું સરનામુ જાહેર કરી શકેલ ના હોય તે રીતે તેઓને આ કામે ચકાસી શકાયેલ નથી.

વધુમાં આ સાહેદ નં.૭નું નિવેદન જોવામાં આવે તો આ કામે પકડાયેલ ગાડીની નંબર પ્લેટ તેમની ગાડીનો નંબર છે. પરંતુ ગાડી તેમની નથી. તેની હકીકતો જાહેર કરેલ છે. તે સાથે ચકાસાયેલ એક પણ સાહેદે આ બાબતેની કોઇ જ હકીકતો પોલીસ સાહેદ હોવા છતા જણાવેલ નથી. આ કામે તપાસ કરનાર અધિકારી તથા ચાર્જશીટ કરનાર અધિકારી અલગ અલગ છે. એટલે કે આ કામે બે તપાસકર્તા અધિકારીઓએ તપાસ હવાલો સંભાળેલ હોવા છતાં આ કામે ગાડી માલીકી બાબતે કોઇ ચકાસણી કરેલ નથી કે આ નંબર પ્લેટ ખોટી લગાડવા બાબતેની કોઇ તપાસ કરેલ નથી. આમ એ રીતે પણ અધુરી તપાસ આરોપી વિરૂધ્ધ ગુના સાબીતી ગણી શકાય નહી.

આમ, ફરીયાદપક્ષે આરોપી સામે મુકેલ આક્ષેપો વ્યાજબી શંકાથી પર પુરવાર કરી શકેલ નથી. આમ, ઉપરોકત કરેલ ચર્ચા તથા ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાને ધ્યાને લેતા, ફરીયાદપક્ષે તેઓના કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ ન હોય, કે જે એમ સાબિત કરી શકે કે, આ કામના આરોપીનાઓએ તા. ૧૭/૦૮/૨૦૧૮ના કલાક ૧ ૩ઃ૩૦ વાગે મહેસાણા હાઇવે કલોલ તરફથી આવતા રોડ ઉપર શેરથા કટ ઉપર પોતાના કબજા ભોગવટાની મારૂતિ એસક્રોસ ગાડી નં. જી.જે.૦૧ આર.પી.૧૩૯૪ માં ગેરકાયદેસર અને વગરપાસ પરમીટે ભારતીય બનાવટનો વિદેશી પરપ્રાતનો દારૂ કુલ બોટલ નંગ–૪૦૮ જેને કિં.રૂ.૨,૮૦,૪૫૦/– તથા મારૂતિ એસક્રોસ ગાડી નં. જી.જે.૦૧ આર.પી.૧ ૩૯૪ ની કિંમત રૂ. ૫,૦૦,૦૦૦/– તથા બે મોબાઇલ ફોન કિં.રૂ. ૪૦૦૦/– નો મળી તમામ મુદામાલની કિં.રૂ. ૭,૮૪,૪૫૦/– નો પકડાઇ જઇ, પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(ઇ),૧૧૬ (બી), ૮૧, ૯૮(૨) મુજબનો ગુનો કરેલ હોય તેવી કોઇ હકીકત સાબિત થતી નથી.

આમ, ઉપરોકત કરેલ ચર્ચા મુજબ ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ પુરાવાને ધ્યાને લેતા, ફરીયાદપક્ષે તેઓના કેસની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ ન હોય,

તેથી ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો શંકાથી પર પુરવાર કરી શકેલ ન હોય, આથી મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવી મુદા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

:: **હુકમ** ::

**૧.** આ કામના આરોપીઓ સી.સી.નં.૨૯૯/૧૯ ના૧) માંગીલાલ ચોથારામ ઝાંગુ (બિશ્નોઇ) રહે. ગામ ડાવલ લાલાકી ઢાણી તા. સાચોર જી. ઝાલોર રાજસ્થાન (ડ્રાઇવર), ૨) કિષ્ણારામ હરચંદરામ લોમરોડ (બિશ્નોઇ) રહે. ગામ કોટડા (કકરોલી) તા. રાનીવાડા જી.ઝાલોર રાજસ્થાન તથા સી.સી.નં.૧૨૩૧/૧૯ના આરોપી મૌલિકભાઇ ઉર્ફે પપ્પુ સન/ઓ જગદીશભાઇ કેશવલાલ પટેલ રહે. મ.નં.૪૪ ચિતવન બંગલો સોબો સેન્ટરની બાજુમાં સાઉથ બોપલ તા.દસ્કોઇ જી.અમદાવાદ મુળવતન– જેતલપુરગામ પટેલવાસ તા.દસ્કોઇ જી.અમદાવાદ નાઓને પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (એ)(ઇ),૧૧૬ (બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુન્હા સબબ ક્રિ.પો.કોડકલમ–૨૪૮(૧) હેઠળ શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આરોપીના અગાઉ ના જાતમુચરકા તથા જામીન અપીલ ના હેતુસર ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

**૩.** બીનકીમતી મુદદામાલ તથા દારુના મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

**૪.** આ હુકમની એક નકલ સી.સી.નં.૧૨૩૧/૨૦૧૯માં સામેલ રાખવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

ગાંધીનગર

તા. ૧૩/૧૧/૨૦૨૫

(એફ.એન.સોલંકી)
ત્રીજા એડી. સીવીલ જજ અને
જે.એમ.એફ.સી.